# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

## જામનગર

**-: સિન્ડિકેટની ચૂંટણી અંગેની જાહેરાત :-**

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ધારાની કલમ-19(2) મુજબ આ યુનિવર્સિટીની સિન્ડિકેટની મુદત તા.02-06-2019 સુધીની છે.

ધારાની કલમ-19(1)(iv)(vi)પ્રમાણે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સિન્ડિકેટ પર,

(1) સેનેટના ચૂંટાયેલ શિક્ષકો માટેની આગામી ચૂંટણી અંગેનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| અનુ. નં. | મતદાર વિભાગ | જગ્યાઓ | ઉમેદવારી પત્રકો સ્વીકારવા ની છેલ્લી તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકોની ચકાસણીની તારીખ તથા સમય | ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ તથા સમય | ચૂંટણીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|
| 1. | સેનેટમાં ચૂંટાયેલા શિક્ષકો | 1(એક) | 11-12-2017 સાંજના 4-00 વાગ્યા સુધી | 12-12-2017 સાંજના 4-00 વાગ્યે | 13-12-2017 સાંજના 4-00 વાગ્યા સુધી | 01-01-2018 સવારના 11-00 થી 12-00 સુધી |

2. સ્ટેચ્યુટ-71(2) અન્વયે તૈયાર રાખવામાં આવેલી મતદાર યાદીઓમાં જેમના નામો હશે, તેમને ઉપર્યુક્ત ચૂંટણીમાં મતાધિકાર રહેશે તથા ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે. મતદાર યાદી દરેક મતદારોને <u>તા.20-11-2017</u> ના રોજ મોકલી આપવામાં આવેલ છે.

3. ઉમેદવારી પત્રકો નિયત કરેલ ફોર્મમાં હોવા જોઈએ અને તેમાં ઉમેદવાર તેમજ બે મતદારો કે જેમને સંબંધિત વિભાગમાં મત આપવાનો અધિકાર છે, તેમની સહી, તારીખ, તેમના પુરા નામ, જો કોઈ પદવી હોય તો પદવી, તેમના પુરા સરનામા અને હોદા વગેરે હોવા જોઈએ. આવા ઉમેદવારી પત્રકો યુનિવર્સિટીના કુલસચિવને ઉમેદવારી પત્રકો તા.11-12-2017 ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધીમાં પહોંચવા જોઈએ.

4. ઉમેદવારી પત્રક ઉપર પોતાની સંમતિ દર્શાવ્યા વગર કોઈપણ મતદાર ચુંટણીમાં ઉમેદવારી કરી શકશે નહી.

5. ઉમેદવારી પત્રક કુલસચિવશ્રીને લેખિત અરજી કર્યેથી આપવામાં આવેશે.

6. આ ચૂંટણી અંગેના ઉમેદવારી પત્રકોની ચકાસણી તા.12-12-2017 ના રોજ સાંજના 4-00 વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવાનું નકકી કરવામાં આવ્યુ છે. ઉમેદવાર પોતે અગર તેમણે આ સંબંધમાં જેમને લેખિત અધિકાર આપ્યો હોય તેવી વ્યકિત આ ચકાસણી વખતે હાજર રહી શકશે.

7. સ્ટેચ્યુટ-118 અનુસાર ઉમેદવારી પત્રકોની ચકાસણી બાદ મોડામાં મોડું તા.13-12-2017 ના રોજ સાંજના 4-00 વાગ્યા સુધીમાં ઉમેદવારીપત્રક પાછું ખેંચી શકાશે.

8. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી ધારાની કલમ-48 મુજબ આ ચુંટણી "Proportional Representation by means of a Single Transferable Vote"ની પધ્ધતિ અનુસાર ગુપ્ત મતદાનથી કરવામાં આવશે સ્ટેચ્યુટ-126 મુજબ :

(1)પ્રત્યેક મતદારને એક સંક્રામ્ય (Transferable) મત આપવાનો અધિકાર રહેશે. (2)(અ) જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રમાં મતદારે 1 દર્શાવવો આવશ્યક છે. (બ) વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોની સામે 2,3,4,5 અને તે પછીની સંખ્યા પ્રમાણે ક્રમાંક દર્શાવી શકાશે.

9. ચૂંટણીમાં હરિફાઈ થશે, તો હરિફ ઉમેદવારો અંગેની માહિતી મતદારોને ઉમેદવારી પત્રકોની ચકાસણી પછી બનતી ત્વરાએ મોકલવામાં આવશે.

જામનગર.
તા.20-11-2017

(આર. એમ. ઝાલા)
કુલસચિવ

**રજીસ્ટર એ.ડી.**

નં.એસએસ-5/12/2017-18/ 2657 . તા.20-11-2017

પ્રતિ,

1) સંબંધિત વિભાગના સર્વે મતદારો તરફ....
2) સેનેટના સર્વે સદસ્યશ્રીઓ તરફ...

**નકલ રવાનાઃ-**

(1) પી. એસ. ટુ વી. સી.
(2) પી. એ. ટુ રજીસ્ટ્રાર
(3) પી.પી.એસ. (આઈ.ટી) ટુ વી.સી. :- ઉપરોક્ત વિગત વેબ સાઈટ પર મુકવાની સુચના સાથે.

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
## જામનગર

**રજીસ્ટર એ.ડી.**

નં.એસએસ-5/12/2017-18/ 2656

તા.20-11-2017

પ્રતિ,

સેનેટમાં શિક્ષક વિભાગમાં ચુંટાયેલા સર્વે સદસ્યશ્રીઓ તરફ....

**વિષય :- સેનેટમાં શિક્ષક વિભાગમાં ચુંટાયેલા સભ્યશ્રીઓનો રોલ.**

મહાશય,

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી એકટ 1965 ની કલમ 15(1) વર્ગ-II(A)(i) માં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી સાથે સંલગ્ન મહાવિધાલયોના શિક્ષકોમાંથી સેનેટમાં ચુંટાયેલા સભ્યોમાંથી યુનિવર્સિટી ધારાની કલમ-19(1)(iv) માં દર્શાવ્યા અનુસાર સિન્ડિકેટમાં શિક્ષક વિભાગની એક જગ્યાનું પ્રતિનિધિત્વ છે.

ધારાની કલમ-19(2) માં કરેલ જોગવાઈ મુજબ સિન્ડિકેટમાં ચુંટાયેલ સર્વે સદસ્યશ્રીઓની મુદત ત્રણ વર્ષ માટેની છે, જેની મુદત તા.02-06-2019 ના રોજ પુર્ણ થનાર છે. ઉપરોકત મતદાર વિભાગની જગ્યા માટેની ચુંટણીનું કામકાજ હાથ ધરવામાં આવેલ છે, જેની વિગતવાર માહિતી હવે પછી મોકલવામાં આવશે.

સ્ટેચ્યુટ-71(2) માં દર્શાવ્યા અનુસાર સેનેટના શિક્ષક વિભાગમાં ચુંટાયેલા સભ્યશ્રીઓના વિભાગના રોલની એક નકલ આ સાથે સામેલ છે. રોલમાં ખોટું નામ દાખલ થયેલ હોય, અગર દાખલ થવાને પાત્ર નામ રહી ગયેલ હોય, તો ચુંટણીની તારીખથી 21-દિવસ અગાઉ આ બાબત કુલપતિશ્રીના ધ્યાન ઉપર મુકવામાં આવે તો સ્ટેચ્યુટ-114(b) અનુસાર મળેલ સતાની રૂએ કુલપતિશ્રી રોલમાં સુધારો કરી શકશે અને તેઓશ્રીનો આ બાબતનો નિર્ણય આખરી ગણાશે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**(આર. એમ. ઝાલા)**
**કુલસચિવ**

**બિડાણ :-** ઉપર મુજબ.

**નકલ રવાના :-**

1. પી.એસ. ટુ વી.સી.
2. પી.એ. ટુ રજીસ્ટ્રાર
3. પી.પી.એસ. (આઈ.ટી) ટુ વી.સી. :- ઉપરોક્ત વિગત વેબ સાઈટ પર મુકવાની સુચના સાથે.

# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

## જામનગર

સ્ટેચ્યુટ-71(2) અનુસાર સિન્ડિકેટની ચુંટણી માટે યુનિવર્સિટી ધારાની કલમ-15(1) વર્ગ-II(A)(i) માં દર્શાવેલ સેનેટના શિક્ષક વિભાગમાં ચુંટાયેલા સભ્યશ્રીઓનો રોલ :-

(1) **વૈદ્ય અર્જુનસિંહ સુખદેવસિંઘ બઘેલ**
ફ્લેટ નં.303, મહાલક્ષ્મી રેશીડેન્સી,
ફેસ-૨, વાલ્કેશ્વરી નગરી,
**જામનગર-361008.**

(2) **વૈદ્ય કમલેશ હેમંતલાલ ભોગાયતા,**
C/O. ડો. કિશોર પરીખ,
" મેઘદુત ", પ્લોટ નં.64,
દેવુબાગ,
**ભાવનગર.**

(3) **વૈદ્ય દિપસિંહ ભીખુભાઈ ચાવડા**
એ-3, અરીબાસ સ્ટાફ કવાટર્સ,
ન્યુ વી.વી. નગર,
**આણંદ-388121.**

(4) **વૈદ્ય મિશ્રા રાકેશકુમાર બશિષ્ઠ,**
પ્લોટ નં.60 ક્રિષ્ના પાર્ક સોસાયટી,
ઝાંઝરડા રોડ,
જુનાગઢ